# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૪૨
સૂર્યાસ્ત : ૦૬.૫૪

## તાપમાન

મહત્તમ : ૪૧.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૪ ટકા ● સાંજે ૨૭ ટકા

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧ :** બ્લડ મની : ૧૦.૦૦, પાન સિંઘ તોમર : ૧૨.૧૫
એજન્ટ વિનોદ :૧૨.૩૦,૩.૩૦,૬.૪૫,૧૦.૦૦
**સ્ક્રીન-૨ :** કહાની :૧૧.૪૫, બ્લડ મની : ૧.૦૦, ૫.૪૫, ૧૦.૧૫
વર્થ ઓફ ધ ટાઈટન્સ (હિન્દી) : ૩.૪૫, વર્થ ઓફ ધ ટાઈટન્સ : ૮.૧૫
એજન્ટ વિનોદ : ૨.૧૫
**સ્ક્રીન-૩ :** કહાની : ૧૧.૪૫, ૫.૩૦, ૭.૪૫, ૧૦.૧૫
એજન્ટ વિનોદ : ૨.૧૫, ૬.૪૫
**સ્ક્રીન-૪ :** બુમબુ : ૧૦.૦૦, ૧૦.૦૦
એજન્ટ વિનોદ : ૧૦.૦૦, ૫.૧૫, ૮.૩૦
પાન સિંઘ તોમર : ૧૨.૧૫, કહાની : ૩.૦૦, ૭.૪૫ બ્લડ મની : ૫.૪૫

**સિને મેક્સ**

**સ્ક્રીન-૧ :** વર્થ ઓફ ધ ટાઈટન્સ- ૩ડી(હિન્દી) :
૧૦.૦૦,૧૨.૩૦, ૩.૦૦,૫.૩૦, ૧૦.૪૫
એજન્ટ વિનોદ : ૭.૪૫
**સ્ક્રીન-૨ :** એજન્ટ વિનોદ :૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫,
૬.૩૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૩ :** બ્લડ મની :૯.૪૫, ૧૨.૦૦, ૨.૦૦, ૪.૧૫,
૬.૩૦, ૮.૪૫, ૧૧.૦૦
**સ્ક્રીન-૪ :** કહાની :૧૦.૩૦, ૩.૧૫, ૮.૦૦, ૧૦.૩૦
બુમબુ : ૧.૦૦, ૫.૪૫

**આર વર્લ્ડ**

**સ્ક્રીન-૧ :** બ્લડ મની :૧૧.૩૦, ૨.૧૫,૫.૦૦,
૭.૪૫, ૧૦.૩૦
**સ્ક્રીન-૨ :** એજન્ટ વિનોદ : ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૩ :** વર્થ ઓફ ધ ટાઈટન્સ : ૧.૧૫, ૫.૪૫, ૧૦.૩૦

**સૂર્યા, વાવોલ**

ઉમિયા મા પધાર્યા મારા આંગણે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઉમિયા મા પધાર્યા મારા આંગણે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**આંબેડકર હોલ**

- સવારે ૯.૩૦ કલાકે, સરસ્વતી ઈન્સ્ટીટ્યૂટ ઓફ ફાર્માસીકલસ સાયન્સીસ, ધણપ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ.

**સામાજિક**

- સવારે ૧૧.૦૦ કલાકે, જાયન્ટ્સ ગૃપ ઓફ ગાંધીનગર દ્વારા ગુજરાત જળસંપતિ વિકાસ નિગમ કચેરી, સેકટર- ૧૦/એ,માં સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ યોજાશે.

**ધાર્મિક**

- બપોરે ૩.૩૦ કલાકે, કૈલાસબેન ડાહ્યાભાઈ મોદી, બ્લોક નં. ૭૦/૫, "છ" ટાઈપ, સેકટર-૧૭ જૂના એમ.એલ.એ. ક્વાર્ટર ખાતે માઈ મંડળ દ્વારા આનંદનો ગરબો.

## આપની આજ

**- કિશોર ત્રિવેદી**

**મેષ :** રોજગારીની નવી તક પ્રાપ્ત થઈ શકે છે. લાંબા ગાળાનું આયોજન ઉપયોગી સાબિત થઈ શકે. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે.

**વૃષભ :** વારસાગત મિલકતના પ્રશ્નોનો હલ આવી શકે છે. સંતાન સંબંધી પ્રશ્નોનું નિરાકણ આવી શકે. સટ્ટાકીય બાબતોમાં કાળજી રાખવી.

**મિથુન :** કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યું બને. લગ્નોત્સુકોને યોગ્ય જીવનસાથીની પસંદગી થઈ શકે છે. નોકરી- વેપારમાં સમય પ્રગતિદાયક.

**કર્ક :** કાયદાકીય પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. નોકરી- વેપારમાં સમય પ્રગતિદાયક. સટ્ટાકીય બાબતોમાં ખાસ સંભાળવું. લગ્નજીવન સુખમય રહે.

**સિંહ :** નાણાંકીય સ્થિતિમાં સુધારો જણાય. વેપાર ક્ષેત્રે અગાઉ કરેલા રોકાણનું ફળ મળતું જણાય. ભૌતિક સુખ સુવિધામાં વધારો થતો જણાય.

**કન્યા :** સટ્ટાકીય બાબતોમાં સાવચેતી રાખવી. કોર્ટ-કચેરીના પ્રશ્નોનો ઉકેલ આવતો જણાય. અભ્યાસક્ષેત્રે સમય પ્રગતિદાયક બની રહે.

**તુલા :** માનસિક ચિંતા હળવી બનતી જણાય. વેપાર અર્થે થયેલા પ્રવાસ લાભદાયી બની રહે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવતું જણાય.

**વૃશ્ચિક :** વેપારમાં ભાગીદારમાં સંભાળવું. અગાઉ કરેલા રોકાણનો લાભ મળી રહે. મિત્રો- સ્નેહીજનોને મળવાનું થઈ શકે છે. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**ધન :** સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. મનની ઈચ્છાઓ પૂર્ણ થતી જણાય. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સાવચેતી રાખવી. સમય સાનુકૂળ.

**મકર :** નોકરીયાત વર્ગને બદલી- બઢતીની શક્યતાઓ. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આકસ્મિક ધન- લાભ થવાની શકયતા.

**કુંભ :** મનની ઈચ્છાઓ પૂર્ણ થતી જણાય. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી બની રહે. કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય.

**મીન :** સામાજિક જવાબદારીમાં વધારો થતો જણાય. માનસિક ચિંતા હળવી બને. કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યુ રહે. વેપારમાં નવું રોકાણ થઈ શકે.

## ચિરવિદાય

- સ્વ. શાંતાબેન મગનજી ઠાકોર (ઉ.વ. ૭૪)મું. પો. ચાંદીસણા, તા. કલોલ, જિ. ગાંધીનગર
- સ્વ. રતનબેન મગનભાઈ જાદવ (ઉ.વ. ૮૦) મું.પો. પાંજરાપોળ વાસ, પેથાપુર. તા.,જિ. ગાંધીનગર
- સ્વ. ચમુંબા પુજાજી ગોહિલ (ઉ.વ. ૭૫)મું. પો. વિજય એપાર્ટમેન્ટ, વાવોલ. તા., જિ. ગાંધીનગર



સરઢવ ગામેથી છેલ્લા ૫૭ વર્ષથી ડાકોર પગપાળા સંઘ નિયમિત જાય છે. જે આજે ગાંધીનગરમાંથી સવારે પસાર થયો હતો. ભજન કીર્તન, રાસ-ગરબાની રમઝટ બોલવતા હતા. તેની તસ્વીર. સંઘનું સ્વાગત શ્રી વાડીભાઈ પટેલ, ચેરમેનશ્રી ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ ગુજરાત રાજ્ય તથા ગાંધીનગરમાં વસતા સરઢવ વાસીઓએ કરેલ હતું.

# સે. ૨૪ શ્રીનગર સોસાયટીમાં ૨૦ લાખના ખર્ચે રસ્તા બનશે

## ત્રણ દાયકાથી વધુ સમય બાદ રહીશોને પાકા રસ્તા તેમજ સ્ટ્રીટલાઈટની સુવિધા ઉપલબ્ધ થશે

ગાંધીનગર, તા. ૨

સે. ૨૪ શ્રીનગર સોસાયટીમાં આર.સી.સી. રોડ બનાવવાનું કામ હાથ ધરવામાં આવશે. આ કામગીરી માટે રૂ. ૨૦ લાખના ખર્ચને વહીવટી મંજૂરી અપાતા ટુંકમાં ટેન્ડર પ્રક્રિયાના અંતે માર્ગ નવીનીકરણનું કામ હાથ ધરાશે. જ્યારે આ વિસ્તારમાં સ્ટ્રીટલાઈટની સુવિધા ઉભી કરવા પણ રૂ. ૧૦.૬૮ લાખનો ખર્ચ કરાશે.

સે. ૨૪માં ત્રણ દાયકાથી વધુ સમયના અંતે પાકા રસ્તા તેમજ સ્ટ્રીટલાઈટની સુવિધા ઉપલબ્ધ થઈ શકી નથી. મહાનગરપાલિકાની પ્રથમ ચૂંટણી વેળાએ સ્થાનિક રહીશો દ્વારા પણ સેકટરમાં આ પાયાની સુવિધા ઉપલબ્ધ કરવા ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. જ્યારે સ્થાનિક રહીશોની આ રજૂઆતના અંતે વોર્ડ નં. ૫ના કાઉન્સિલર સુરેશભાઈ મહેતા, પૂર્ણિણાબેન દરજી તેમજ સંદિપ જ્યોર્તિકરે સેક્ટરમાં લાઈટ રસ્તાની સુવિધા ઉભી કરવા માર્ગ મકાન મંત્રી આનંદીબેન પટેલને રજૂઆત કરી હતી.જેને અનુલક્ષી સે. ૨૪ની શ્રીનગર સોસાયટીમાં રૂ. ૨૦ લાખના ખર્ચે આર.સી.સી. રોડ બનાવવાનું કામ હાથ ધરવામાં આવનાર છે.

આ સંદર્ભે વહીવટી મંજૂરી આપી દેવાતા આગામી દિવસોમાં નવીન રસ્તાઓના નિર્માણ અર્થે કામ શરૂ કરી દેવાશે. આ ઉપરાંત સેક્ટરમાં મુખ્યમાર્ગથી અંબાજી ચોક સુધીના વિસ્તારમાં રાત્રી દરમ્યાન અજવાળુ પથરાય તે માટે સ્ટ્રીટલાઈટનું કામ પણ હાથ ધરવામાં આવશે.

# ગાંધીનગર જિલ્લા એનસીડી સેલ જનરલ હોસ્પિટલ દ્વારા આરોગ્ય જાગૃતિ સપ્તાહનું આયોજન

ગાંધીનગર, તા. ૨

મુખ્ય જિલ્લા તબીબી અધિકારી ડૉ. ભરત પટેલે અખબારી યાદીમાં જણાવ્યું છે કે ૧લી એપ્રિલથી ૭મી એપ્રિલ ૨૦૧૨ દરમિયાન આરોગ્ય જન જાગૃતિ સપ્તાહનું આયોજન થઈ રહ્યું છે. 'વધતી ઉંમર અને આરોગ્ય' તથા 'સારું આરોગ્ય ઉંમરને જીવન બક્ષે છે' વિષય અંતર્ગત વિવિધ જન જાગૃતિ કાર્યક્રમો સપ્તાહ દરમિયાન કરવામાં આવી રહ્યા છે.

ગાંધીનગરની જનરલ હોસ્પિટલ ખાતે ૧લી એપ્રિલે જૂના દર્દીઓના આરોગ્ય સંદર્ભે તથા ૨જી એપ્રિલે બ્લડ સુગર અને બી.પી. કેમ્પ સેકટર-૬, ગાંધીનગર ખાતે યોજાયો હતો. આજે ૩જી એપ્રિલે ૫ થી ૭ કલાક દરમિયાન બલરામ મંદિર, સેકટર-૧૨ ખાતે આરોગ્ય સંદર્ભે વ્યાખ્યાન અને ડિશ્કશન યોજાશે. ૪ થી એપ્રિલે ૨ થી ૪ કલાક દરમિયાન કૈલાશ ધામ, પેથાપુર ખાતે બ્લડ સુગર અને બી.પી. કેમ્પ તથા ૫મી એપ્રિલે ૪ થી ૫ કલાક દરમિયાન જનરલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે એનપીએચસીઈ વ્યાખ્યાન અને ડિશ્કશન યોજાશે.

૬ ઠ્ઠી એપ્રિલે ૬ થી ૭ કલાક દરમિયાન સેકટર-૨ ખાતે આરોગ્ય સમસ્યાઓ અંગે વ્યાખ્યાન, ડિશ્કશન તથા ૭મી એપ્રિલે સવારે ૮ થી ૧૨ અને સાંજે ૫ થી ૭ ઘ-૫ અને ચ-૫ સર્કલ જનરલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે લોક જાગૃતિ કાર્યક્રમ અને ૧૧ થી ૩ કલાક દરમિયાન બ્લડ સુગર અને બી.પી. કેમ્પ કોટ્ટીયાર્ક, મહુડી, વરસોડા ખાતે યોજાશે.



ઈમરજન્સી મેડીકલ ટેકનીશિયન ડે અંતર્ગત ગાંધીનગર ચ-૩ ખાતેના મેદાનમાં અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા અને પાટણ એમ છ જિલ્લાઓની બે ટીમો દ્વારા ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ, ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લાની સંયુકત ટીમે વિજય હાંસલ કર્યો હતો. ગાંધીનગરના બહિયલ લોકેશનના નિરંજન પટેલ અને પાયલોટ અબ્દુલભાઈ મલિને ઈ.એમ. કેર એવોર્ડ તથા સંજય મેનાતને મેન ઓફ ધી મેચ જાહેર કરાયા હતા.

## આજે સિદ્ધયોગ સાધન મંડળ દ્વારા ધ્યાન યોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨

શ્રી સિદ્ધયોગ સાધન મંડળના ટ્રસ્ટી એન.વી. પંડ્યાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, સિદ્ધયોગ સાધન મંડળના ઉપક્રમે આજે તા. ૩જી એપ્રિલ-૨૦૧૨ના રોજ ધ્યાન યોગનો કાર્યક્રમ પ્લોટ નં. ૫૫૧/૧, સેક્ટર-૬-બી, ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યો છે. ધ્યાન અને યોગ વિશેની પ્રેક્ટિકલ તથા થિયરેટીકલ સમજણ આપવામાં આવશે. ગાંધીનગરના સર્વે જિજ્ઞાશુ સાધકોને આ પ્રસંગે પધારવા ખાસ જણાવાયું છે. આ અંગેની વધુ માહિતી ફોન નં. ૨૩૨-૩૨૮૬૪ અથવા ૭૫૬૭૩૫૨૬૩૯ ઉપરથી મળી શકશે.

# ઈન્ડિયન પબ્લિક હેલ્થ એસોસિએશન દ્વારા 'અર્થ અવર'ની ઉજવણી

ગાંધીનગર, તા. ૨

ઈન્ડિયન પબ્લીક હેલ્થ એસોસિએશનના ઉપક્રમે ગૂજરાત વિદ્યાપીઠ ખાતે તાજેતરમાં 'અર્થ અવર'ની ઉજવણી થઈ હતી. મહામંત્રી ડૉ. વિનુભાઈ પટેલે ગૂજરાત વિદ્યાપીઠના અનુસ્નાતક વિદ્યાર્થીઓને ગાંધીજીનું ગ્લોબલ વીઝન જ વધતાં પ્રદુષણોથી માનવજાતને બચાવશે તેમ જણાવી 'અર્થ અવર' ઉપર પ્રકાશ પાડયો હતો.

તંદુરસ્તી જાળવવા વ્યસનમુકત, સાદુ, સ્વાશ્રયી જીવન જીવવા અને આયુર્વેદ-યોગ, નેચરોપથી અપનાવવા અનુરોધ કરતાં ડૉ. વિનુભાઈએ સજીવ ખેતીવાળા આહારમાં ૫૦ ટકા લીલા શાકભાજી, સલાડ અને રોજ ત્રણ ફળ લેવા તથા ગાયના જ દૂધ-ઘી-દહીં લેવા પર આહારશાસ્ત્ર આધારે ભાર મુકયો હતો. વિસ્તરણ અને જીવન શિક્ષણના નિયામક ડૉ. સંધ્યાબેન ઠાકરે ગાંધી મૂલ્યો આધારિત જીવન પધ્ધતિ અપનાવી આધુનિક રોગ એઈડસને અટકાવવા અનુરોધ કર્યો હતો.

**રક્તદાન મહાદાન**

# ટૅલિફોનનો ટૅરિફ પ્લાન મુદત પહેલાં બંધ થતાં ગ્રાહકોને હેરાનગતિ

ગાંધીનગર, તા. ૨

ભારત સંચાર નિગમ લિમિટેડ તરફથી જુદા જુદા પ્લાન હેઠળ ટેલિફોન ગ્રાહકોને આખા વર્ષની એક સામટી રકમ અગાઉથી ભરવામાં આવે તો ટેલિફોન ધારકને કેટલાક લાભ પ્રાપ્ત થાય છે. આવા લાભ મેળવતા ટેલિફોન ગ્રાહકો આખા વર્ષની રકમ અગાઉથી ભરી પણ દે છે.

તાજેતરમાં ટેલિફોન ગ્રાહકો આવી યોજનામાં લાભ મેળવવા માટે ટેલિફોન ઓફિસનો સંપર્ક સાધતાં જાણવા મળેલ છે કે, આવા પ્લાન ફેબ્રુઆરીમાં બંધ થયેલ છે. માર્ચનાં અંત સુધી પ્લાન ચાલુ રહેશે તેમ ટેલિફોન બિલમાં જણાવેલ છે. તો ઓચિંતા પ્લાન બંધ કરવાથી ગ્રાહકોને મુશ્કેલી પડે છે.

# સરકારી તંત્રની બલિહારી ! ખાતર પર દિવેલ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરમાં નિવૃત્ત મહિલાને ઈન્કમટેક્ષ તરફથી રૂા. ૧/- ની વસુલાત માટે નોટીસ પાઠવવામાં આવેલ છે. વિશેષમાં રસપૂર્ણ હકીકત છે કે રૂા. ૧/- ની વસુલાત માટે રૂા. ૨૫/- નો સ્પીડ પોસ્ટ ખર્ચ ઈન્કમટેક્ષ તંત્રએ કરેલ છે. તે સિવાય તેના માનવ શ્રમ તથા બેંકના ચલન ભરવાનો અરજદારનો બેંકનો સમય વ્યર્થ બગડેલ છે. જેનું નામ સરકારી તંત્ર કહેવા! રૂા. ૧ /- ની વસુલાત માટે ખાતર પર દિવેલ જેવું કહેવાય!

# સૌરાષ્ટ્ર- કચ્છ મિત્ર મંડળ દ્વારા સિવિલ હોસ્પિટલમાં ફ્રૂટ વિતરણ

ગાંધીનગર, તા. ૨

સૌરાષ્ટ્ર- કચ્છ મિત્ર મંડળ અને ધરતીના લાલ દૈનિકના સ્થાપક તંત્રી સ્વ. શ્રી મગનલાલ બારોટે મેમોરિયલ ટ્રસ્ટના ઉપક્રમે સિવિલ હોસ્પિટલ, મુક- બધીર શાળા, એચ.આઈ.વીઝન્સ બાળકો, વૃધ્ધાશ્રમ અને ત્રણ શાળાના બાળકોને બિસ્કીટ પકેટ અને ૧૦૦ કિલો ફ્રુટ વિતરણ કરીને રામ નવમી અને પ્રાગટ્ય દેવ સ્વામિનારાયણ જન્મ જંયતિ નિમિત્તે ઉજવણી કરવામાં આવેલ હતી. શ્રી દિપક દવે, નિલેન્દુ વોરા,ભુપેન્દ્ર ગજ્જર દ્વારા સ્વજન ગૃહ ખાતે ૨૪૦ બાળકોને સાંજે પાઉંભાજીનો નાસ્તો આપવામાં આવ્યો હતો.

# બ્રહ્મભટ્ટ સમાજ ગાંધીનગરને સરનામાં ફેરફારની જાણ કરવી

ગાંધીનગર, તા. ૨

બ્રહ્મભટ્ટ સમાજ ગાંધીનગરની ડિરેકટરી ૨૦૦૪માં પ્રસિધ્ધ થયેલી છે. ત્યારબાદ જે સભ્યોના સરનામામાં ફેરફાર થયેલ હોય તેઓએ નામ, સરનામાંની જાણ શ્રી વાસુદેવભાઈ અજલાણી મહામંત્રીને રૂબરૂ અથવા ટપાલથી કરવા જણાવેલ છે.

# નેશનલ સેંવિગ્સ સર્ટીફિકેટ ઉપલબ્ધ કરાવવા માંગણી

ગાંધીનગર, તા. ૨

એન.એસ.સી. સર્ટીફિકેટ જે ૬ વર્ષના હતા. તે મુદતમાં એક વર્ષનો ઘટાડો ને વ્યાજમાં વૃધ્ધિથી પાંચ વર્ષનાં ને દશ વર્ષના એન.એસ.સી. ની સવલત કરાવેલ છે.

દસ વર્ષના (નવમીશ્રેણી)ના એન.એસ.સી.ના રોકાણ તથા વ્યાજ કરમુક્ત હોવાની તથા સલામત રોકાણ અન્વયે રોકાણકારોને આકર્ષાયા છે. પરંતુ ચાર માસ કરતાં વધુ સમય થવા છતાં પોસ્ટ ઓફિસમાં એન. એસ.સી. મળી શક્યા નથી.

પ્રમાણપત્ર મ મળતાં રોકાણકારો રોકાણ કરી શકતા નથી. લાંબાગાળાનું રોકાણ અટવાય છે. બચત પ્રમાણપત્રો તાત્કાલિક ઉપલબ્ધ થાય તેમ જનતા ઈચ્છી રહી છે.

# દીકરી એ પાવન જીવ છે જે બે કુળને ઉજાળે છે

'મારી દીકરીઓ જ મારા માટે સર્વસ્વ છે, મને મારી દીકરીઓમાં જ મારા ઠાકોરજીનાં બધાં સ્વરૂપો દેખાય છે.' આ શબ્દો છે ચાર યુવાન દીકરીઓનાં માતા દક્ષાબેન શાહના.

એમના પતિ દિનેશચંદ્રભાઈના શબ્દો પણ કંઈક આવા જ છે, 'દીકરી અને દીકરા એવો ભેદ અમને તો ક્યારેય દેખાયો જ નથી. અમે તો અમારી દીકરીઓને જ સર્વસ્વ જાણી છે.'

દિનેશચંદ્રભાઈ માહિતી ખાતાના નિવૃત્ત કર્મચારી, જેમનો નિવાસ ૧૯૭૦થી ગાંધીનગરમાં છે. હાલ તેઓ સૅક્ટર-૮માં નિવાસ કરે છે. એમનાં પત્ની પણ વૉટર રિસોર્સીસ ડિપાર્ટમૅન્ટમાંથી નિવૃત્ત થયાં છે.

બંનેનું મૂળ વતન કપડવંજ અને સંજોગવશાત્ બંનેના પિતા બિઝનેસમૅન, માતા ગૃહિણી. બંનેનાં લગ્ન થયાં ૧૯૬૮માં, કપડવંજ ખાતે.

એમને ઘેર પહેલીવાર પારણું બંધાયું ૧૯૭૨માં, દીકરી જન્મી. નામ રખાયું હેતલ, જેને રાસ-ગરબા અને પેઈન્ટીંગનો ખૂબ શૉખ. એ પછી ૧૯૭૨માં તેજલનો જન્મ થયો, ૧૯૭૬માં નિધિનો અને ૧૯૮૨માં કુંજનનો જન્મ.

'અમને દીકરીઓ પહેલેથી જ વ્હાલી. એનું કારણ એ પણ હોઈ શકે કે અમારા કુટુંબમાં દીકરીઓ જ વધારે છે. મારાં સાસુના ઘરમાં ચાર દીકરીઓ અને મારાં માતાના ઘરમાંય બે દીકરીઓ. એટલે અમારે ઘેર પણ દીકરીઓ આવી એ અમને ખૂબ ગમ્યું,' એમ જણાવતાં

**સંબંધ સજાવે જિંદગી**
**દીકરી વ્હાલનો દરિયો**

- કુંતલ નિમાવત
gsrelation@yahoo.com



દક્ષાબેન ઉમેરે છે, 'અલબત્ત, પહેલાં અમારી આર્થિક પરિસ્થિતિ આટલી સારી ન હતી એટલે અમે સંઘર્ષ કરતા હતા અને મેં મારી દીકરીઓને પણ સંઘર્ષ કરતાં શીખવ્યું છે. કારણ કે મેં અનુભવે જાણ્યું છે કે સંઘર્ષ વિના સિદ્ધિ પ્રાપ્ત નથી થતી. મારી દીકરીઓએ આ વાતને ગળે ઉતારી છે અને અત્યારે આનંદપૂર્વક પોતાની જિંદગી વિતાવી રહી છે.'

ચારેય દીકરીઓ સાસરે સૅટલ થઈ ગઈ છે. સૌથી મોટી દીકરી હેતલ ગોધરા કલૅક્ટર ઑફિસમાં ટાઈપીસ્ટ છે, જેને હાલ ડૅપ્યુટેશન પર ખાણ અને ખનીજ વિભાગમાં પોતાની ફરજ બજાવે છે.

બીજી દીકરી તેજલ ગાંધીનગર સમાચાર દૈનિકમાં કૉમ્પ્યુટર ડિઝાઈનર તરીકેની ફરજ અદા કરી રહી છે, જે પણ રાસ-ગરબા અને ડાન્સીંગમાં રસ ધરાવે છે. તેણે ભરતનાટ્યમ્‌ની તાલીમ સફળતાપૂર્વક



પૂર્ણ કરીને આરંગેત્રલ પણ પૂર્ણ કર્યું છે. ત્રીજી દીકરી નિધિને વાચન, ગરબા, નાટ્યનો ખૂબ શૉખ. શાળા-કૉલેજ કાળમાં તેણે આ પ્રવૃત્તિઓમાં સારું જૌહર પણ બતાવ્યું છે. અંગ્રેજી સાથે ઍમએનો અભ્યાસ કરી તેણે થોડો સમય કૉલેજમાં લૅક્ચરર તરીકે કાર્ય કર્યું અને હવે સફળતાપૂર્વક પોતાના ટ્યુશન ક્લાસ ચલાવી રહી છે.

સૌથી નાની દીકરી કુંજન હાલ ગુજરાત ઈન્ફોર્મૅટીક્સ લિ., ગાંધીનગર ખાતે ફરજ બજાવી રહી છે, જે ખૂબ જ ટૅકનોલૉજી સેવી છે.

પોતાની આ સૌથી નાની દીકરીએ જ પોતાની બધી જાત્રાઓ પૂર્ણ કરાવી છે, એવું દક્ષાબેન ગૌરવપૂર્વક જણાવે છે, 'મારા ઠાકોરજીના વ્રજની ચૉવીસેય બૅઠક મને મારી દીકરીએ બતાવી છે.'

દક્ષાબેન ખૂબ જ આધ્યાત્મિક વૃત્તિના છે અને ઘરમાં ઠાકોરજીની પાકી સેવા થાય છે. ઠાકોરજી માટે અલગ સ્થાન પણ ઘરમાં શોભાવવામાં આવ્યું છે.

'અમારા માતા-પિતાએ અમારામાં જે સંસ્કારોનું સિંચન કર્યું છે, અમને જે તાલીમ આપી છે એનાં સારાં ફળ અમને આજે ચાખવા મળી રહ્યાં છે,' એવું તેજલ કૃતજ્ઞતાપૂર્વક જણાવે છે.

'અમે અમારી દીકરીઓ પર ક્યારેય કોઈ બંધનો લાદ્યાં નથી કારણ કે અમે માનીએ છીએ કે સંતાનો ઉપર જેટલું દબાણ લાવવામાં આવે એટલાં તેઓ વધારે જોરથી ઉછળે. અમે અમારી દીકરીઓને કંઈ જ કરવાની ના નથી પાડી. અડધી રાત્રેય અમારી દીકરીઓને ક્યાંય એકલા જવું હોય તોય અમે ના નથી પાડી. અમને હંમેશા વિશ્વાસ રહ્યો છે અમારા સંસ્કારો અને અમારી દીકરીઓ પર,' દક્ષબેન જણાવે છે.

એમની આ વાતને સમર્થન આપતાં દીકરી કુંજન જણાવે છે, 'હા, એ વાત સાચી છે. અમારા માતા-પિતાએ અમારી ઉપર કોઈ બંધનો લાદ્યાં નથી. અમારો ઉછેર દીકરીઓ તરીકે થયો હોય એવું અમને મહેસૂસ જ નથી થયું. એમણે જ અમને તાલીમ આપીને પગ ઉપર ઊભા કર્યા છે અને એ જ કારણે આજે અમે કોઈપણ ક્ષેત્રમાં પુરુષો કરતાં જરાય પાછળ નથી. અમે કોઈપણ ક્ષેત્રમાં આજે પુરુષોની સ્પર્ધા કરી શકીએ તેમ છીએ. અમારા માતા-પિતાના પ્રતાપે જ અમારી જિંદગીમાં ક્યારેય નીચું જોવાનો કે હતાશ થવાનો વારો આવ્યો નથી.'

સંજોગોની વાત તો એ પણ છે કે દક્ષાબેનને ઘેર ચાર દીકરીઓ છે અને એ ચાર દીકરીઓને ઘેર પણ પાંચ દીકરીઓ જ છે. 'કુટુંબ એમ કહે છે કે તમારે ઘેર નવ માતાજીઓએ અવતરણ કર્યું છે અને હું સદાય એ બાબતે ગર્વ અનુભવું છું. મારા ઠાકોરજીનો આભાર માનું છું. એમના પ્રતાપે મને ચારેય જમાઈઓ પણ દીકરા જેવા મળ્યા છે. મારા ઠાકોરજીએ હંમેશા મારી બધી જ ઈચ્છાઓ પૂર્ણ કરી છે ને મને પુરું સુખ આપ્યું છે. લક્ષ્મી જેવી દીકરીઓ મારે ઘેર અવતરી એનો મને સંતોષ છે. બીજું મારે ભગવાન પાસેથી કંઈ જ નથી જોઈતું.'